૯૦

અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમોને વર્ષ:૨૦૧૭-૧૮માં યોજનાકીય કામગીરી માટે લોન પેટે ફાળવેલ શેરમુડીની યોજનાકીય ખર્ચની મંજુરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૧૬/૦૫/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૨૯/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૭૨૦૧૬/૯૬૩૨૨/જ.

૨. આ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ અને ૨૦/૦૨/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવો.

૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૨/૦૫/૨૦૧૭નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/૨૦૧૭-૧૮/૧૯૧૬.

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૭-૧૮માં યોજનાકીય કામગીરી માટે કૂલ રૂ.૨૫.૦૦ કરોડની શેરમુડી લોન પેટે ફાળવવા અંગેની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમાંક: ૧ પરના તા:૨૯/૦૪/૨૦૧૭ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

આ અંગે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક:૩ પરના તા:૦૨/૦૫/૨૦૧૭ના પત્રથી રૂ.૧૦.૦૦ કરોડની યોજનાઓને મંજુરી આપવા માટે દરખાસ્ત કરેલ છે. જે અંગેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૧૭-૧૮માં નીચે મુજબની યોજનાઓને મંજુરી આપવામાં આવે છે:-

| યોજનાનું નામ | યુનિટ | યુનિટ/કોસ્ટ (રૂ.) | યુનિટ કોસ્ટ પૈકી | | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| | | | લાભાર્થી ફાળો | રાજ્ય સરકારનો ફાળો | |
| નાના પાયાના વ્યવસાય/પશુપાલનની યોજના | ૭૪૦ | ૧,૫૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧,૩૫,૦૦૦ | ૯,૯૯,૦૦,૦૦૦ |

- યોજનાની પાત્રતા/શરતો તેમજ રાજ્ય સરકારને લોન પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણી અંગેની કાર્યરીતી વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા:૦૮/૦૨/૨૦૧૭ અને ૨૦/૦૨/૨૦૧૭ના ઠરાવોથી નક્કી કર્યા મુજબની રહેશે.
- ગયા વર્ષના ધોરણે મંજુર કરેલ યોજનાઓમાં વાહનો સિવાય પશુપાલન/નાના પાયાના વ્યવસાયના કેસો પણ મોટી સંખ્યામાં લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૧૨/૦૫/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ - ૨૦૧૭.